# નગરમાં નાતાલ પર્વની ધમાકેદાર ઉજવણી કરાશે

## દેવળો રોશનીથી શણગારાયા : ખાસ પ્રાર્થના સભાનું આયોજન : ખ્રિસ્તીઓ એકમેકને કેક ખવડાવી મોં મીઠું કરાવશે

ગાંધીનગર, તા. ૨૪

'મેરી ક્રિસમસ..' ખ્રિસ્તીઓના નવા વર્ષની શરૂઆત. નતાલપર્વની ઉજવણીને અનુલક્ષી નગરમાં અનોખો ઉત્સાહ જોવા મળે છે. શાળા કોલેજોમાં નાતાલની ઉજવણી અન્વયે નાટકો ઉપરાંત અન્ય વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જયારે નગરના દેવળોમાં પણ વિશેષ પ્રાર્થનાસભા યોજવામાં આવશે. સેકટરોમાં સ્થિત વિવિધ ચર્ચના સ્થાનોને રોશનીથી શણગારવામાં આવ્યા છે. ખ્રિસ્તી ભાઈ બહેનો દ્વારા પોતાના ઘરે પણ સ્ટાર અને ક્રિસમસ-ટ્રીનું ડેકોરેશન કરી નાતાલનું ભવ્ય સેલીબ્રેશન કરવાનો થનગનાટ જોવા મળી રહ્યો છે.

૨૦૧૪ વર્ષ પૂર્વ ઈસુ ખ્રિસ્તનો જન્મ થયો હતો જયારે આ દિવસને ખ્રિસ્તીઓ નવું વર્ષ માને છે. ઈસાઈ ધર્મમાં નાતાલ પર્વની ઉજવણીનું મુખ્ય મહત્વ હોય છે. દેશમાં ગોવા, પશ્ચિમ બંગાળ, કેરાલા સહીતના વિસ્તારમાં નાતાલ પર્વની ઉજવણી દરમિયાન અનોખો કાર્યક્રમ યોજવામાં આવે છે. જયારે ગુજરાતમાં પણ નાતાલ પર્વની ઉજવણીને લઈ ખ્રિસ્તી ભાઈ બહેનોમાં વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ખેડામાં ખ્રિસ્તીઓની વસતી વધુ હોવાથી નાતાલની ઉજવણીનો માહોલ વધુ ભવ્ય જોવા મળે છે. નગરમાં પણ નાતાલની ઉજવણીને અનુલક્ષી શાળા કોલેજો તેમજ દેવળોમાં વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. શાળા કક્ષાએ નાતાલ પર્વનો મહિમા દર્શાવતા નાટકો ઉપરાંતના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. જયારે સેકટરોમાં સ્થિત દેવળોને પણ રોશનીથી શણગારવામાં આવ્યા છે. ખ્રિસ્તી ભાઈ બહેનો દ્વારા હાથમાં મીણબત્તી લઈ ઈસુ ખ્રિસ્તને પ્રાર્થના કરવામાં આવશે. પ્રાર્થનાસભા ઉપરાંત નવા વર્ષની ઉજવણી દરમિયાન ખ્રિસ્તીઓ એકમેકને કેક ખવડાવી શુભકામના પાઠવશે. નગરમાં ઠેર ઠેર સેન્ટાકલોઝ દ્વારા બાળકોને ચોકલેટસનું વિતરણ કરવામાં આવશે. ડીજેના તાલે બાળકો મસ્તી-ડાન્સ પણ કરશે.

# પરિણિતાની ભરણપોષણની અરજી કોર્ટે નામંજૂર કરતો ચુકાદો આપ્યો

## પત્નિ સ્વેચ્છાએ પતિ ગૃહનો ત્યાગ કરે તો ભરણપોષણ ન મળી શકે : કોર્ટ

ગાંધીનગર, તા. ૨૪

પરિણિતાની ભરણપોષણની અરજી ગાંધીનગર કોર્ટે નામંજુર કરી છે. પત્નિ સ્વેચ્છાએ પતિ ગૃહનો ત્યાગ કરે તો ભરણપોષણ ન મળી શકે તેમ પણ કોર્ટે ચુકાદામાં નોંધ્યું છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર નરોડાની એક યુવતિના વર્ષ ૨૦૦૪માં વાવોલ ખાતે લગ્ન થયા હતા તેઓના લગ્નજીવન દરમિયાન તેણીના પતિને ગંભીર અકસ્માત થતા તેમને લાંબા સમય સુધી અમદાવાદની એક ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા હતા.

પરંતુ આ દરમિયાન પરિણિતા તેના પતિની ખબર પુછવા કે હોસ્પિટલમાંથી રજા અપાયા બાદ પણ ગઈ ન હતી. ત્યારબાદ પરિણિતાએ તેણીના પતિ સહીત સાસરીયાઓ વિરૂધ્ધ દહેજની માંગણી કરવામાં આવતી હોવાની ફરિયાદ કરી હતી. આ કેસ સંદર્ભે માસિક રૂ. ૨૫ હજારનું ભરણપોષણ મેળવવા પરિણિતાએ પ્રોફેસર પતિ સામે કોર્ટમાં અરજી દાખલ કરી હતી. આ કેસ કોર્ટમાં ચાલી જતા તેણીના પતિ તરીકેના વકીલ તરીકે કમલેશ સાધવાણીએ કોર્ટમાં દલીલો કરી હતી. આ કેસમાં સાંયોગીક પુરાવા તથા સાક્ષી અને સાહેદો તપાસતા પરિણીતાની અરજી ખોટી હોવાનું તથા પોતાની રીતે પતિના ઘરનો ત્યાગ કર્યાનું કોર્ટમાં પુરવાર થતા જજ ડી.ટી. સોનીએ પરિણિતાની ભરણપોષણની અરજી નામંજુર કરી છે.

# ચિલોડામાં કૂતરાઓનો આતંક : સાતને કરડ્યા

ચિલોડા, તા. ૨૪

ગાંધીનગર તાલુકાના મોટા ચિલોડા ગામે શિયાળાની ઋતુમાં રખડતાં કૂતરાઓએ ભારે ત્રાસ મચાવ્યો છે. કૂતરાઓએ ગામમાં લગભગ સાતેક વ્યક્તિઓને કરડી લેતા ભયનો માહોલ સર્જાવા પામ્યો છે.



(તસવીર : નટુભાઈ પટેલ)

ગામની જુદી જુદી શેરીઓમાં વસવાટ કરતાં ગ્રામજનોને રખડતાં કૂતરાઓએ ખૂબ જ ચિંતાજનક સ્થિતિ પેદા કરી દીધી છે. આ કૂતરાઓમાં ગ્રામજનોનો છાના-માના પીછો કરી ઓચિંતા કરડી લે છે. જેના કારણે લોકોનું શેરીઓમાં આવન-જાવન મુશ્કેલીમાં મુકાયું છે અને બાળકો માટે ભારે ખતરો ઉભો થવા પામ્યો છે. આ કૂતરાઓએ અત્યાર સુધીમાં સાતેક વ્યક્તિઓને કરડ્યા છે. તેમાં કાન્તિભાઈ કાળાભાઈ વાઘરી, જયંતિભાઈ શનાજી ઠાકોર, જયંતિજી પુનાજી ઠાકોર, પ્રહલાદભાઈ પટેલ, રમણભાઈ મંગભાઈ પટેલ અને અશોકભાઈ રાજુભાઈ બંગડીવાળાનો સમાવેશ થાય છે. આ તમામ ઘાયલોને સરકારી તેમજ ખાનગી દવાખાનાઓમાં સારવાર અપાઈ હતી. ચિલોડામાં આ કૂતરાઓએ મચાવેલા તરખાટથી ગ્રામજનો અને ખાસ કરીને નાના બાળકોનું આવવુ-જવું મુશ્કેલીમાં મુકાયું છે અને ડરનો માહોલ ઉભો થયો છે. તંત્ર દ્વારા સત્વરે આ બાબતે પગલાં લઈ આ રખડતાં કૂતરાઓને પકડી લેવામાં આવે તેવી ગ્રામજનોમાં માંગણી ઉભી થવા પામી છે.



## સ્કૂલ એફ એચિવરમાં નાતાલની ઉજવણી

વિશ્વભરમાં ભગવાન ઈશુના જન્મનો તહેવાર નાતાલ ધામધૂમથી ઉજવાઈ રહ્યો છે. ગાંધીનગરની સ્કૂલ ઓફ એચિવરમાં કેજીથી માંડીને ધો-૯ સુધીના બાળકો દ્વારા ક્રિસમસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં ભૂલકાંઓએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો.

# જ-માર્ગ પર રંગ-રોગાન કરતાં ૩ બાળ મજુરો મુકત કરાયા

## ૧૪ વર્ષના બાળકો પાસે કામ કરાવનાર કોન્ટ્રાકટર સામે ગુનો દાખલ થશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરનાં રાજમાર્ગ ગણાતા જ-માર્ગ પર સરીતા ઉદ્યાનની સામે બાળ મજુરો રંગ-રોગાન કરી રહ્યા હોવાની માહિતીને આધારે ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટીની ટીમે ચેકીંગ કરી ૩ બાળ મજુરોને મુકત કર્યા છે. માત્ર ૧૪ વર્ષના બાળકો પાસે મજુરી કામ કરાવનાર કોન્ટ્રાકટર સામે ગુનો દાખલ કરવા તજવીજ શરુ કરવામાં આવી છે.

ગુજરાત સ્ટેટ ચાઈલ્ડ પ્રોટેકશન સોસાયટીને માહિતી મળી હતી કે જ-માર્ગ પર ડીવાઈડરને કલરકામ કરવામાં આવી રહ્યું છે. જેમાં નાના બાળકોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. બાળકો પાસે મજુરી કરાઈ રહી હોવાની માહિતીને આધારે પ્રોગ્રામ મેનેજર ઈન્દ્રજીતસિંહ ચૌહાણ તથા પ્રોગ્રામ ઓફીસર ડૉ. અલ્કાબેન રાવલ તેમની ટીમ સાથે ચેકીંગમાં પહોંચી ગયા હતા અને મજુરી કામ કરી રહેલા ૧૪ વર્ષની ઉંમરના ૩ બાળકોને મુકત કર્યા હતા. બાળકો પાસે મજુરી કામ કરાવનાર કોન્ટ્રાકટર ઉમ્મર મન્સુરી સામે પોલીસ ફરિયાદ કરવા તજવીજ શરુ કરીને ત્રણેય બાળકોને ચિલ્ડ્રન હોમ મુકવામાં આવ્યા છે અને વાલીઓને પણ આ સંદર્ભે જાણ કરવામાં આવી છે.



નાતાલનાં તહેવાર પૂર્વે સે-૨૯ સ્થિત મેઝીક કેટ સ્કુલમાં નાના ભુલકાઓએ ક્રિસમસની ઉજવણી કરી બાળકોએ સાંતાકલોઝના પહેરવેશમાં 'જીંગલ બેલ.. જીંગલ બેલ...' ગીત પર શિક્ષકો સાથે ડાન્સ રજુ કર્યો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

# સચિવાલયના પ્રવેશ દ્વારો પર સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવાઈ

ગાંધીનગર, તા. ૨૪

સચિવાલયના તમામ પ્રવેશ દ્વારો પર આજે બપોર બાદ મોટી સંખ્યામાં પોલીસ કાફલો ઉતારીને સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી હતી.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કપાસના પોષણક્ષમ ભાવોને લઈને રાજયમાં ખેડૂતો દ્વારા આંદોલન કરવામાં આવી રહ્યું છે. આ આંદોલનને કોંગ્રેસે પણ ટેકો આપીને ખેડૂતોની વહારે આવ્યું છે.

વિપક્ષ કોંગ્રેસના ધારાસભ્યોઆજે રાજ્યના મુખ્યમંત્રીને મળીને એક આવેદનપત્રઆપવાનોકાર્યક્રમ આપવામાં આવ્યો હતો. જેના પગલે સચિવાલયના પ્રવેશદ્વારોઉપર સઘનસુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાંઆવી હતી.

સચિવાલયના તમામ પ્રવેશ દ્વારો પર આજે બપોર બાદ વધારાનો પોલીસ કાફલો ફરજ ઉપર તૈનાત કરી દેવામાં આવ્યો હતો. સચિવાલયમાં કોંગ્રેસના ધારાસભ્યો સાથે ખેડૂતો કે કાર્યકરો ઘુસી ન જાય તે માટે પ્રવેશ દ્વાર પર સઘન સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

તમામ વાહનોનું સઘન ચેકીંગ કરીને અને ઓળખકાર્ડ અને પ્રવેશપત્રની ચકાસણી કર્યા બાદ જ પ્રવેશ આપવામાં આવતો હતો. મુખ્ય પ્રવેશ દ્વાર પર સાવચેતીના પગલારૂપે મોટી સંખ્યામાં પોલીસ જવાનોને ફરજ ઉપર તૈનાત કરી દેવામાં આવ્યા હતા.

# ગરીબ દર્દી માટે સહયોગ મંડળની અપીલને ઉત્સાહજનક આવકાર

સહયોગ મંડળ દ્વારા ગાંધીનગરની સિવિલ હોસ્પિટલ ખાતે ઓર્થોપેડીક સર્જરી માટે દાખલ કરાયેલા ગરીબ દર્દી બાબુભાઈ રામભાઈની સર્જરી માટે રૂ. ૧,૨૫,૦૦૦ની આર્થિક સહાય અંગે વર્તમાન પત્રોમાં જાહેર અપીલ કરાઈ હતી. આ અપીલના અનુસંધાને નગરજનો દ્વારા ખૂબ જ પ્રેરણાત્મક પ્રતિભાવ દર્શાવી આર્થિક દાન સહયોગ પૂરો પાડ્યો હતો. જેથી આ રકમ સંપૂર્ણ એકત્રિત થઈ જવા પામી છે. નગરજનોની આ ઉદારતા માટે તેમજ અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આ સેવા કાર્ય માટે કરાયેલ મદદ માટે સહયોગ મંડળ દ્વારા આભાર માનવામાં આવ્યો છે.

# શનિવારે અક્ષરધામમાં સ્વામી ગોપાળાનંદ પર વ્યાખ્યાનનું આયોજન

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના સેકટર-૨૦માં આવેલ અક્ષરધામના આર્ષ સંશોધન કેન્દ્ર દ્વારા 'યોગીરાજ સદગુરુવર્ય ગોપાળાનંદ સ્વામી' વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ વ્યાખ્યાન તા. ૨૭મી ડિસેમ્બર શનિવારે સાંજે ૪.૩૦ થી ૭ વાગ્યા દરમિયાન યોજાશે. જેમાં મહંત આનંદસ્વરૂપદાસ સ્વામી દ્વારા વ્યાખ્યાન અપાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે સ્વામી ગોપાળાનંદ વિશેષ પ્રકાશમાન પરમહંસોની અગ્ર પંકિતમાં હતા. શામળાજી ભગવાનની મૂર્તિ તેમની સાથે રમવા આવતી હતી તેમજ તેમણે સારંગપુરમાં પત્થર પર હનુમાનજીની મૂર્તિ કોતરી તેમાં હનુમાનજીને સાક્ષાત પ્રગટ કર્યા હતા એવી વાયકા છે. તેમના સમયમાં રાજાએ બ્રાહ્મણો પર કર નાંખ્યો હતો તે માફ કરાવવા તેમણે અમલદારોના ઝાડા પેશાબ બંધ કરાવ્યા હતા. તેમણે યુવાન વયે ભગવાન સ્વામિનારાયણ પાસે દીક્ષા ગ્રહણ કરી ગોપાળાનંદ સ્વામી બન્યા હતાં.

# આજથી વૃક્ષો પર લાગેલા ખિલ્લા કાઢવાનું અભિયાન

ગાંધીનગરના સંસ્કાર ગ્રૃપ તેમજ નેચર કલબ દ્વારા તા. ૨૫મી ડિસેમ્બર નાતાલના દિવસથી નગરના વૃક્ષો પર જાહેરાતોના બોર્ડ વગેરે લગાડવા લગાવેલા ખિલ્લા કાઢવાનું અભિયાન હાથ ધરવામાં આવનાર છે. વૃક્ષો પોતે સહન કરીને તેમના પર આ પ્રકારના અત્યાચારને માફ કરી જીવંત છે તેમજ દરેક માટે ઉપયોગી બને છે. આ વૃક્ષો પર લગાડેલા ખિલ્લાથી વૃક્ષોને નુકસાન થાય છે તેથી તેને કાઢવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

# આવતીકાલથી સે-૩૦માં દેવી ભાગવત કથા સપ્તાહનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગરના સે-૩૦ ખાતે સર્વોદય નગર સોસાયટીના નવરાત્રી ચોકમાં તા. ૨૬મી ડિસેમ્બરથી તા. ૧લી જાન્યુઆરી ૨૦૧૫ સુધી સાત દિવસીય શ્રીમદ્ દેવી ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભાગવત કથા યુવ કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે રોજ બપોરે ૨ થી ૫ દરમિયાન યોજાશે. જેનો લાભ લેવા સર્વ ધર્મપ્રેમીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે. આ ભાગવત કથાનું આયોજન સુંદરધામ પરિવાર દ્વારા કરાયું છે.

# એમ. જે. પરમારનું એડીશનલ સેક્રેટરી તરીકે પ્રમોશન

ગુજરાત લેજીસ્લેચર સેક્રેટરીએટમાં જોઈન્ટ સેક્રેટરી તરીકે ફરજ બજાવી રહેલા એમ.જે. પરમારની બઢતી આપીને એડિશનલ સેક્રેટરીનો હોદ્દો આપવામાં આવ્યો છે. તેમનુંઆ પ્રમોશન રાજ્યના રાજ્યપાલ દ્વારા વિધાનસભાના અધ્યક્ષ સાથે ચર્ચા-વિચારણા બાદ મંજૂર કરાયું હતું.



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## ચિલોડા પાસે ગુંજ્યો જય અંબેનો નાદ

મોટા ચિલોડા ખાતે આજે 'જય અંબે'ના જયઘોષ ગુંજી ઉઠ્યો હતો. નડિયાદના પોર પટેલ સમાજનો પદયાત્રી સંઘ હાથમાં ધજા અને મુખે મા અંબાનું નામ લઈને અંબાજી જવા નીકળ્યો છે. જે ચિલોડા હાઈવેથી પસાર થયો હતો. આ સંઘમાં કુલ ૧૦૭ પદયાત્રીઓ માના ગુણલા ગાતા અને નાદઘોષ કરતા નીકળ્યા હતા.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૯
સૂર્યાસ્ત : ૬.૦૦

### તાપમાન

મહત્તમ : ૨૭.૮ ડિ.સે.
લઘુત્તમ : ૧૨.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૮ ટકા ● સાંજે ૩૬ ટકા

### મનોરંજન

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :
પી.કે. : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

સ્ક્રીન-૩ :
પી.કે. : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

**સીટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :
પી.કે. : ૧૨.૧૫, ૩.૧૫, ૬.૩૦, ૯.૩૦

: સ્ક્રીન-૩ :
પી.કે. : ૨.૧૫, ૫.૧૫, ૮.૧૫

: સ્ક્રીન-૪ :
પી.કે. : ૧૦.૦૦
એકશન જેકસન : ૩.૪૫, ૧૦.૦૦
લિંગા (તમીલ) : ૭.૦૦

: સ્ક્રીન-૫ :
પી.કે. : ૧૧.૧૫

: સ્ક્રીન-૬ :
પી.કે. : ૧૦.૦૦

**સિનેમેક્સ**

: સ્ક્રીન-૧ :
પી.કે. : ૯.૦૦, ૧૨.૨૦, ૩.૪૦, ૭.૦૦, ૧૦.૨૦

: સ્ક્રીન-૨ :
પી.કે. : ૧૧.૨૦, ૨.૪૦, ૬.૦૦, ૯.૨૦

સ્ક્રીન-૩ :
પી.કે. : ૯.૫૦, ૧.૦૦, ૪.૧૦, ૭.૩૦, ૧૦.૪૫

સ્ક્રીન-૪ :
પી.કે. : ૧૦.૪૦, ૨.૦૦, ૫.૨૦, ૮.૪૦

### આપની આજ

**મેષ** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે. માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.